# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૧-૦૮-૨૦૨૨

- **બેશરમ ભાજપ સરકાર શરાબકાંડ - લઠ્ઠાકાંડને કેમીકલકાંડ બતાવીને તેના કારનામા - કરતુતો ઉપર પડદો નાંખવાનો પ્રયાસ કરી રહી છે.**
- **દારૂબંધીમાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર વિરૂધ્ધ કોંગ્રેસ કરશે ધરણા પ્રદર્શન**

ગુજરાતમાં બનેલ કેમીકલકાંડ - બોટાદના લઠ્ઠાકાંડે ભાજપ સરકાર - ગૃહ વિભાગની દારૂ બંધીની પોલ ખોલી નાખી છે. બેશરમ ભાજપ સરકાર શરાબકાંડ - લઠ્ઠાકાંડને કેમીકલકાંડ બતાવીને તેના કારનામા - કરતુતો ઉપર પડદો નાંખવાનો પ્રયાસ કરી રહી છે. બોટાદમાં બનેલી લઠ્ઠાકાંડની ઘટના માનવસર્જીત ઘટના છે અને ભાજપ સરકાર જવાબદાર છે. ગુજરાતમાં બનેલ કેમીકલકાંડ - બોટાદના લઠ્ઠાકાંડે ને કારણે ૭૦થી વધુ ગુજરાતના નાગરિકોએ જીવ ગુમાવવો પડ્યો છે ત્યારે દારૂબંધીમાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર વિરૂધ્ધ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના સફળ પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાની ઉપસ્થિતીમાં **તા. ૨-૮-૨૦૨૨ ને મંગળવારના રોજ બપોરે ૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી પાસે, બત્રીસી હોલ, સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે ધરણા પ્રદર્શન** કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પ્રોહીબીશન - એક્સાઈઝ અધિકારીઓ અને સરકારના આર્શિવાદથી મિથેનોલ, સહિતના ઝેરી દ્રવ્યોનો ગેરકાયદેસર કરોડો રૂપિયાની હેરફેર-વેપલો ચાલી રહ્યો છે. ભાજપ સરકારમાં દારુબંધી માત્ર કાગળ ઉપર છે તે ફરી સાબિત થયું છે. ભાજપના મળતિયાઓ, ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગતને લીધે ૭૦થી વધુ ગુજરાતના નાગરિકો પોતાનો જીવ ગુમાવ્યો.

---

તા. ૦૧-૦૮-૨૦૨૨

## નિમંત્રણ

પ્રતિ,

તંત્રી મહોદયશ્રી,

બ્યુરો ચીફશ્રી, ન્યુઝ ચેનલ

ગુજરાતમાં બનેલ કેમીકલકાંડ - બોટાદના લઠ્ઠાકાંડે ને કારણે ૭૦થી વધુ ગુજરાતના નાગરિકોએ જીવ ગુમાવવો પડ્યો છે ત્યારે દારૂબંધીમાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર વિરૂધ્ધ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના સફળ પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાની ઉપસ્થિતીમાં **તા. ૨-૮-૨૦૨૨ ને મંગળવારના રોજ બપોરે ૧-૪૫ કલાકે કલેક્ટર કચેરી પાસે, બત્રીસી હોલ, સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે ધરણા પ્રદર્શન** કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ધરણા પ્રદર્શન કાર્યક્રમના કવરેજ માટે આપશ્રીના પત્રકારશ્રી/ ફોટોગ્રાફરશ્રી તથા ટી.વી.ટીમને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સહ વિનંતી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા